## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



કહેતી હતી કે બહુ વિકાસ વિકાસ ન કરો... છોકરાએ પૈસા ફોનમાં મોકલ્યા છે... હવે કાઢી દો એ પૈસા...!!

# દશેલા ગ્રામ પંચાયતનું બજેટ નામંજૂર

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર તાલુકા પંચાયતના પ્રમુખ કાળુસિંહ રાઠોડના વતન દશેલા ગ્રામ પંચાયતનું પ્રથમ બજેટ નામંજૂર થવા પામ્યુ છે.

૬ વિરૂદ્ધ ૪ મતે આ પંચાયતનું બજેટ ના મંજૂર થતાં અનેક રાજકીય તર્ક વિતર્ક વહેતા થયા છે.

તાલુકાના ૩૦થી વધુ ગામોની નવી રચાયેલી ગ્રામ પંચાયતોના બજેટ પસાર થઈ ચુક્યા હોવાનું તાલુકા પંચાયતના સૂત્રોએ જણાવ્યુ છે. ગ્રામ પંચાયતનું બજેટ ના મંજૂર થતાં હવે નવેસરથી બેઠક બોલાવવામાં આવશે અને પછી પણ નામંજૂર થાય તો પંચાયત અધિનિયમની જોગવાઈઓ મુજબ કાર્યવાહી હાથ ધરાશે.

# ગાંધીનગર જિલ્લા કક્ષા તેમજ તાલુકા કક્ષાની તમામ અદાલતોમાં ૧૧મીએ લોકઅદાલતો

ગાંધીનગર, તા.૩

રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ, નવી દિલ્હી તેમજ ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ ગાંધીનગર દ્વારા ગાંધીનગર જિલ્લા કક્ષા તેમજ તાલુકા કક્ષાની તમામ અદાલતમાં તારીખ ૧૧મી ફેબ્રુઆરી, ૨૦૧૭ના રોજ નેશનલ લોકઅદાલતનું આયોજન કરવામાં આવેલ છે.

આ લોકઅદાલતમાં મોટર અકસ્માત વળતરના કેસ, નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એક્ટ કલમ ૧૩૮(ચેક રીટર્ન), લગ્ન વિષયક કેસ, ફોજદારી સમાધાન લાયક કેસ, લેબરને લગતા કેસ, રેવન્યુ કેસ, ઈલેક્ટ્રીક તેમજ પાણી બીલને લગતા (ચોરી સીવાયના) કેસ મુકવામાં આવશે, જે પક્ષકારોને તેમનો કેસ આ લોકઅદાલતમાં સમાધાનથી નિકાલ કરવા માંગતા હોય તેઓશ્રીએ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગર તેમજ તાલુકા કાનૂની સેવા સમિતિ કલોલ, માણસા, દહેગામ, ગાંધીનગરની કચેરીનો સંપર્ક કરવા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળની અખબારી યાદીમાં જણાવાયું છે.

## શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠક સોમવારે મળશે

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની ફેબ્રુઆરી માસની બેઠક પ્રમુખશ્રી જયોતિન્દ્રભાઈ દવેના અધ્યક્ષસ્થાને તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરી સોમવાર બપોરે ચાર વાગે સેકટર-૨૧માં નમન એપાર્ટમેન્ટ ખાતે મળશે. જેમાં પ્રશ્નોની સમીક્ષા કરાશે તેમ મહામંત્રી શ્રી નિરંજનભાઈ ઓઝાએ જણાવેલ છે.

# ગાંધીનગરની કિંજલ ટાંક દિલ્હી ખાતેની રાષ્ટ્રીય પરેડમાં ચમકી

ગાંધીનગર, તા.૩

તાજેતરમાં ભારતના ૬૮માં પ્રજાસત્તાક દિનની ઉજવણી નિમિત્તે દિલ્હી ખાતે ૨૬મી જાન્યુઆરીના રોજ રાષ્ટ્રીય પરેડ યોજાયેલ હતી. જેમાં ગુજરાત સરકાર દ્વારા કચ્છની જીવનશૈલી ઉપર સુંદર અને અદ્દભૂત ટેબ્લો રજૂ થતાં સમગ્ર રાષ્ટ્ર માટે ગૌરવરૂપ ગુજરાત રાજયના ટેબ્લોની સાથે તાળીઓના ગડગડાટથી વધાવી લઈ, તેઓના ઉત્સાહ અને ઉમંગમાં વધારો કરેલ હતો. ઉપરાંત ભારતના માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી તથા માન. રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખર્જીની ઉપસ્થિતિમાં રાષ્ટ્રપતિ ભવનના આંગણે પણ સમગ્ર ગરબા ટીમે ગુજરાતના ગૌરવરૂપ એવા ગરબાનાં અદ્દભૂત પરફોર્મન્સ રજૂ કરેલ હતાં. જેને નિહાળી તેમણે ગરબા ટીમ સાથે ફોટો સેશન ગોઠવી







પાટનગરના સેકટર-૮ માં વસવાટ કરતી કુ. કિંજલ ટાંક તથા તેમની ટીમે કચ્છની પરાંપરાગત વેશભૂષામાં રાજધાનીના માર્ગ પર ત્રણ કીલોમીટર સુધી સતત છ કલાક સુધી ગરબા રમવાનું પરફોર્મન્સ રજુ કર્યું હતું.

કુ. કિંજલ ટાંક તથા તેમની ગરબા ટીમનું પરફોર્મન્સ નિહાળીને રાજધાનીના પ્રેક્ષકોએ તેઓને કુ. કિંજલ ટાંક તથા તેમના ગૃપને અભિનંદન પાઠવીને તેમના આગામી જીવનમાં અવિરત પ્રગતિ કરવા માટે શુભેચ્છાઓ પાઠવી હતી. ગુજરાતના ગૌરવરૂપ ગરબાના આ સુંદર પરફોર્મન્સ બદલ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. આ ઘટના ગાંધીનગરના કડિયા સમાજ તથા સમગ્ર ગુજરાત માટે ગૌરવ સમાન છે.

# એસ.ટી. ડેપોમાં પોલીસ પહેરાના અભાવ વચ્ચે તસ્કરોને મોકળુ મેદાન

## દાયકાના અંતે પોલીસ ચોકીના મુદ્દે માત્ર જગ્યા જ નિયત કરાઈ છે : પોલીસ ચોકી શરૂ કરવાની વાત હજુ પણ અધ્ધરતાલ

ગાંધીનગર તા ૩

નગરના હાર્દ સમા વિસ્તારમાં સ્થિત એસ ટી ડેપોમાં પોલીસ ચોકી કાર્યરત કરવાની યોજના હજુ પણ સાકાર થઈ નથી. જેના પરિણામે ડેપો સંકુલમાં જાણભેદુ ગઠીયાઓ હાથફેરો કરતા અચકાતા નથી. ગઈકાલે પણ એસ ટી બસમાં ચઢતા મુસાફરના ખિસ્સામાંથી ગઠીયાએ મોબાઈલ સેરવી લીધો હતો. જો કે મોબાઈલ ચોરી કરતા ગઠીયો રંગેહાથ ઝડપાઈ ગયો હતો. ડેપોમાં મુસાફરોની સલામતીનો મુદ્દો રામભરોસે છે. છતા પોલીસ ચોકી શરૂ કરવાના મામલે જગ્યાની પસંદગીના અંતે આગળ કોઈ કાર્યવાહી થઈ નથી. જેથી મુસાફરોની સલામતી હજુ પણ ખતરામાં છે.



શહેરના એસ ટી ડેપોમાં સલામતીનો મુદ્દો છેલ્લા ઘણાં સમયથી ચર્ચા સ્થાને છે. ડેપો સંકુલમાં પોલીસ ચોકી કાર્યરત કરવાનો મુદ્દે વખતોવખતની રજુઆતના અંતે પણ ડેપો ચોકીમાં હજુ પણ પોલીસ ચોકી શરૂ કરવામાં આવી નથી. આ મામલે થોડા સમય અગાઉ જ ડેપો સંકુલના ગેટનં -૧ પાસે જ પોલીસ ચોકી માટે જગ્યા ફાળવવાનો નિર્ણય લેવાયો હોવાનુ ડેપોના સુત્રોએ જણાંવ્યુ હતુ. જયારે પોલીસ તંત્ર દ્વારા પણ જગ્યાના મામલે સ્થળ નિરિક્ષણ કરી જગ્યાનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. ડેપો દ્વારા પોલીસને ટોકને ભાડા પેટે જગ્યા ફાળવવાનુ પણ જણાંવાયુ હતુ. ડેપો સંકુલમાં અવારનવાર મુસાફરો ખિસ્સાકાતરુઓનો ભોગ બને છે. જયારે બસમાં ચઢતી વેળાએ મુસાફરોના ખિસ્સા કપાય છે. ગઈકાલે પણ બસમાં ચઢતી વેળાએ એક મુસાફરના ખિસ્સામાંથી મોબાઈલની ઉઠાંતરી કરતા એક ગઠીયાને ડેપોના કન્ટ્રોલક ધર્મેન્દ્ર પંડયાએ રંગેહાથ ઝડપી લીધો હતો. ડેપોમાં તસ્કરી વૃતિ સક્રીય છે. સમયાંતરે મુસાફરો ચોરી અને પીક પોકેટીંગનો ભોગ બની રહયા છે. ત્યારે ડેપો સંકુલમાં ચોકી શરૂ કરવા માટે જગ્યાની પસંદગીના અંતે પણ કોઈ આયોજન કરવામાં આવતુ નથી. ડેપો મેનેજર કક્ષાએ પણ નિરસતા દાખવવામાં આવી રહી છે. સલામત સવારીની અનિયમિત સેવા અને મુસાફરલક્ષી સુવિધાના અભાવ વચ્ચે સલામતી પણ રામભરોસે છે.

# કડી કેમ્પસના ત્રણ વિદ્યાર્થીઓએ પ્રજાસત્તાક પરેડમાં ભાગ લીધો

ગાંધીનગર, તા.૩

૬૮મા પ્રજાસત્તાક પર્વ નિમિત્તે રાજ્ય મહોત્સવ ૨૬મી જાન્યુઆરી







૨૦૧૭ના રોજ ગણતંત્ર દિવસની ઉજવણી ખાતે રાજ્ય કક્ષાની પરેડ શાસ્ત્રી મેદાન, આણંદ ખાતે યોજાઈ હતી. આ રાજ્ય મહોત્સવ માં "કડી સર્વ વિશ્વવિદ્યાલય"ના "રાષ્ટ્રીય સેવા યોજના" એકમના ત્રણ સ્વયંસેવકોએ રાજ્ય કક્ષાની પરેડમાં ભાગ લીધો હતો.

જેમાં "અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજ"ની નીલાજંનારાય, જે બી કોમના બીજા વર્ષમાં અભ્યાસ કરે છે. તથા "કે. બી. ઈન્સ્ટીટયુટ ઓફ ફાર્માસ્યુટિકલ એજયુકેશન એન્ડ રીસર્ચ" ના રોનક અરવિંદકુમાર કડીયા, જે ફાર્મ.ડી (ડોકટર ઓફ ફાર્મસી)ના પાંચમા વર્ષમાં અભ્યાસ કરે છે; છેલ્લે "એમ. પી. પટેલ કોલેજ ઓફ કોમર્સ"ના અક્ષય પટેલ, જે બી કોમના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરે છે.

ગુજરાત રાજ્યના તમામ જિલ્લાના વિવિધ યુનિવર્સિટીઓમાંથી ફક્ત ૩૦ રાષ્ટ્રીય સેવા યોજના સ્વયંસેવકોની પસંદગી થાય છે. આ પસંદ કરેલ સ્વયંસેવકો ને ૮ દિવસ માટે તાલીમ આપવામાં આવે છે. આ તાલીમ ૧૮ જાન્યુઆરી ૨૦૧૭થી શરૂ કરવામાં આવી હતી અને ૨૫ મી જાન્યુઆરી સુધી તે પૂર્ણ કરવામાં આવી હતી. છેલ્લે રાજ્ય મહોત્સવ ૨૬ મી જાન્યુઆરી ૨૦૧૭ના રોજ ગણતંત્ર દિવસની ઉજવણી ખાતે આ ૩૦ રાષ્ટ્રીય સેવા યોજના સ્વયંસેવકોએ રાજ્ય કક્ષાની પરેડ કરી હતી.

## બોર્ડ નિગમ કર્મચારી મહામંડળ ૭મા પગારપંચના અમલ માટે આંદોલનના માર્ગે

ગાંધીનગર, તા.૩

મખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીનો તા. ૨૯મી જાન્યુઆરીના રોજ જામનગરમાં જાહેર કાર્યક્રમ હતો. રાજય સરકાર દ્વારા બોર્ડ નિગમના કર્મચારીઓને ૭મા પગારપંચનો લાભ ન આપતા કર્મચારીઓમાં ભાગલાવાદી નીતિ સામે ખુબ જ આક્રોશ છે.

જે અન્વયે મુખ્યમંત્રીના જાહેર કાર્યક્રમમાં વિરોધ કરવાની લેખિતમાં જાણકારી આપેલ હતી. જામનગર જિલ્લાના પાણી પુરવઠા બોર્ડના ઉપપ્રમુખશ્રી દિલીપસિંહ જેઠવાની આગેવાની હેઠળ કલેકટરશ્રીને આવેનદપત્ર આપી ૭મા પગારપંચના અમલની જાહેરાત કરે તેવી રજુઆત કરી હતી. પરંતુ સરકારે કર્મચારીઓને નજરકેદ કરી માનસિક ત્રાસ આપવાનું ચાલુ કરેલ છે. જેથી ટુંક સમયમાં ૭મા પગારપંચના અમલની જાહેરાત નહિ કરાય તો આક્રમક કાર્યક્રમો યોજાશે.

## બસો બ્યાસી નવ પરગણા ગરો બ્રાહ્મણ સમાજના સમુહ લગ્નોત્સવ

ગાંધીનગર, તા.૩

બસો બ્યાસી નવ પરગણા ગરો-બ્રાહ્મણ સમાજનો ૧૫મો સમુહ લગ્નોત્સવ તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરી સોમવારે સેકટર-૬ના મેદાનમાં યોજાશે. જેમાં ૧૨ યુગલો પ્રભુતામાં પગલા પાડશે. લગ્નવિધિ સવારે સાડા દશ વાગે યોજાશે.

આ લગ્નોત્સવના સમારંભમાં અધ્યક્ષશ્રી હેમંતભાઈ શ્રીમાળી ઉપસ્થિત રહેશે. ઉદઘાટક હાઈકોર્ટ એડવોકેટ શ્રી જગદીશભાઈ શ્રીમાળી અને સન્માનીય મહાનુભાવશ્રી કાન્તિભાઈ રતિલાલ શ્રીમાળી નિવૃત્ત આચાર્યશ્રી ઉપસ્થિત રહેશે.

નવદંપતિઓને આર્શીવચન શ્રી દયારામ બાપુ ગાદીપતિ મહર્ષિ સ્વામી તેજાનંદ મંદિર ઝીંઝુવાડા આપશે તેમ પ્રમુખશ્રી હેમંતભાઈ શ્રીમાળી અને મંત્રીશ્રી બાબુભાઈ શ્રીમાળીએ જણાવેલ છે.

# જેસીઆઈ ગાંધીનગર દ્વારા ૩૭ હજારથી વધુ વિદ્યાર્થીઓને નૈતિકતાના શપથ ગ્રહણ લેવડાવ્યા

ગાંધીનગર, તા.૩

જેસીઆઈ ગાંધીનગર દ્વારા શહેરની જુદી-જુદી ૨૬ શાળાઓ



તથા કોલેજોમાં અભ્યાસ કરતા ૩૭ હજારથી વધુ વિદ્યાર્થી ભાઈ-બહેનોને રાષ્ટ્રીય એકતાના શપથ ગ્રહણ કર્યા હતા. જેમાં વિદ્યાર્થીઓએ "હું મારી શાળા, ઘર પરિવારમાં, અને સમાજમાં સ્વસ્થ અને નૈતિક વાતાવરણનું નિર્માણ કરીશ" "હું દગાબાજી, જુઠાપણું, તથા ચોરીના પ્રલોભનથી હંમેશા દુર રહીશ અને વડીલોને માન-સન્માન આપીશ" તેવા શપથ લીધા હતા. જેસીઆઈ ગાંધીનગર દ્વારા રાષ્ટ્રીય એકતા દિવસને સફળ બનાવવા આ અનોખો કાર્યક્રમ યોજાયો હતો. જેસીઆઈના પ્રમુખ ડો. પરાગી ગાંધીના નેતૃત્વ હેઠળ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું. જયારે જેસીઆઈ ટીમના સભ્યો સાત્વિક ત્રિવેદી, કેતન ભાવસાર, મિતાલી ત્રિવેદી, ફાલ્ગુની ભાવસાર, રુચિતા શાહ, જાહન્વી આમંગ, પદમસિંહ ચૌહાણ, ગૌરવ જોશી, સંજય નાયી, મહેશ પટેલ, હિતેષ પરમાર અને કાજલ વૈષ્ણવ સહિતના સભ્યોએ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી. આ પ્રસંગે જેસીઆઈના પ્રમુખ ડો. પરાગી ગાંધીએ શાળા-કોલેજોના ટ્રસ્ટીઓ, આચાર્ય, અને સ્ટાફના મિત્રો સહિત બીપીન રાવલ તેમજ સંજીવ મહેતાનો પણ સાથ અને સહકાર આપવા બદલ આભાર વ્યકત કર્યો હતો.



ગાંધીનગર શહેરના સે. ૨૬ સ્થિત સરકારી પોલીટેકનીક કોલેજ ખાતે તાજેતરમાં સંસ્થાના વુમન ડેવલપમેન્ટ સેલ દ્વારા "ટાઈ એન્ડ ડાય" વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આકાર એકેડમી અમદાવાદના સહયોગથી યોજાયેલ આ વર્કશોપમાં ૧૦૦ જેટલી વિદ્યાર્થીનીઓ અને કોલેજની ફિમેલ ફેકલ્ટીએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્કીલ ડેવલપમેન્ટ તેમજ રોજગારીની તકો ઉભી કરવાના આશયથી યોજવામાં આવેલ આ વર્કશોપમાં ભાગ લેનાર તમામ ઉત્સુક વિદ્યાર્થીઓ અને સ્ટાફ મેમ્બર્સને પ્રમાણપત્રો તેમજ તેઓએ તૈયાર કરેલ નમુનાઓનું વિતરણ આચાર્ય અને જે તે વિભાગના વડાના હસ્તે કરવામાં આવ્યા હતા.

## ડુંગરી ગરાસિયા સમાજનો ૧૩મો સ્નેહમિલન સમારંભ રવિવારે યોજાશે

ગાંધીનગર, તા.૩

શ્રી ડુંગરી ગરાસિયા સેવા સમાજ ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા તેરમો વાર્ષિક સ્નેહ મિલન સમારંભ તા. ૫મી પેબ્રુઆરીએ સવારે ૧૧ વાગે ટાઉનહોલ ગાંધીનગર ખાતે યોજાનાર છે.

જેમાં શ્રી વિજયભાઈ ખરાડી આઈએએસ કલેકટરશ્રી છોટા ઉદેપુર સમારંભના ઉદઘાટક અને અધ્યક્ષપદે તેમજ મુખ્ય મહેમાન પદે શ્રીમતી રમીલાબેન બારા-ચેરમેન આદિજાતિ વિકાસ નિગમ ઉપસ્થિત રહેશે. અતિથિ વિશેષ પદે ડૉ. અનિલભાઈ જોષીયારા-ધારાસભ્ય મેઘરજ, શ્રી અશ્વિનભાઈ કોટવાલ ધારાસભ્ય વિજયનગર, શ્રી રાજુભાઈ પારગી-પ્રમુખશ્રી જિલ્લા પંચાયત અરવલ્લી, શ્રી બી.આર. પાંડોર-આઈ.પી.એસ., શ્રી ધુળજીભાઈ જે. ગામેતી, શ્રી એમ.એન. તળિયાડ, શ્રી પ્રવિણભાઈ જોષીયારા, શ્રી કે.એસ. નિનામા ઉપસ્થિત રહેશે તેમ પ્રમુખશ્રી ડૉ. કે.એન. બામણીયા, ઉપપ્રમુખશ્રી ભરતભાઈ મોડીયા, મંત્રીશ્રી જી.ડી. ભગોરાએ જણાવેલ છે.

# જિલ્લાની વિવિધ શાળાના આચાર્યોની ઓનલાઈન શિષ્યવૃતિ આપવાના તાલીમ કાર્યક્રમ યોજાયો

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અને આદિજાતિ વિકાસ વિભાગના સંયુક્ત ઉપક્રમે ગાંધીનગર જિલ્લાની ધોરણ-૧થી ૧૦ની શાળાઓના આચાર્યોની ઓનલાઈન શિષ્યવૃતિ આપવાના તાલીમ કાર્યક્રમનું આયોજન આજ રોજ ડૉ. આંબેડકર ભવન, સેકટર-૧૨, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. આ તાલીમ કાર્યક્રમમાં સવારના ૧૦ કલાકે ગાંધીનગર અને દહેગામ તાલુકાના આચાર્યોને તાલીમ આપવામાં આવી હતી. તેમજ બપોરના ૨. કલાક બાદ કલોલ અને માણસા તાલુકાના આચાર્યોને



તાલીમ આપવમાં આવી હતી.

સરકારી અને અનુદાનિત પ્રાથમિક તથા માધ્યમિક શાળાના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ અને સામાજિક શૈક્ષણિક પછાતવર્ગ તેમજ આર્થિ પછાતવર્ગના ધોરણ-૧ થી ૧૦માં અભ્યાસ કરતા વિધાર્થીઓને શિષ્યવૃતિ દરખાસ્ત ડીઝીટલ ગુજરાતના પોર્ટલ દ્વારા ઓનલાઈન અરજી કરવા અંગેનું જરૂરી માર્ગદર્શન અને તાલીમ આચાર્યોને આપવામાં આવી હતી.

# માહિતી અને પ્રસારણ તથા માહિતી નિયામકની કચેરી હસ્તકની વિવિધ સંવર્ગની ભરતી જોગ

ગાંધીનગર, તા. ૩

માહિતી અને પ્રસારણ વિભાગ તથા માહિતી નિયામક કચેરી હસ્તકની નાયબ માહિતી નિયામક, સહાયક માહિતી નિયામક(સં.), સીનીયર સબ એડિટર અને માહિતી મદદનીશની જગ્યાઓ ભરવા માટે તા. ૨૮ અને ૨૯-૧-૨૦૧૭ના રોજ ભાગ-૧, પ્રીલીમનરી પરીક્ષા લેવામાં આવી હતી.

ઉપરોક્ત પરીક્ષામાં ઉપસ્થિત રહેલ તમામ ઉમેદવારોને આથી જણાવવામાં આવે છે કે, સંબંધિત જગ્યાની પરીક્ષાના પ્રશ્નપત્રની આન્સર કી માહિતી નિયામકની કચેરીની વેબસાઈટ www.gujaratinfromation.net પર મૂકવામાં આવેલ છે. આ આન્સર કી અંગે જો કોઈ ઉમેદવારે રજૂઆત કરવાની હોય તો તા.૧૩-૨-૨૦૧૭ સુધીમાં વેબસાઈટ પર મૂકેલ નિયત નમૂનામાં વિગતો ભરીને ઈ-મેઈલથી અથવા પત્રથી માહિતી અને પ્રસારણ વિભાગ/માહિતી નિયામકશ્રીની કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે. તા.૧૩-૨-૨૦૧૭ પછી મળેલી રજૂઆતો ધ્યાને લેવામાં આવશે નહીં તેની નોંધ લેવા સભ્ય સચિવ, ભરતી સમિતિ, માહિતી અને પ્રસારણ વિભાગ/માહિતી નિયામકશ્રીની કચેરીની યાદીમાં સર્વે સંબંધિત ઉમેદવારોને જણાવવામાં આવે છે.


## ઓનલાઈન ટેન્ડરની જાહેર નિવિદા

ગાંધીનગર જિલ્લા પંચાયત, મા. અને મ. વિભાગ

**જાહેર નિવિદા નં. ૧૫/૨૦૧૬-૧૭**

કાર્યપાલક ઈજનેરશ્રી, મા.મ. વિભાગ, જિલ્લા પંચાયત, ગાંધીનગર-૩૮૨૦૧૭ (ફોન નં. ૦૭૯-૨૩૨૫૬૯૬૮)ની કચેરી દ્વારા નીચે મુજબના કામો માટે ઓનલાઈન ટેન્ડરથી ગુજરાત રાજ્ય બાંધકામ ખાતાના રજીસ્ટર્ડ ઈજારદારશ્રીઓ પાસેથી ટેન્ડર માંગવામાં આવે છે. ઈ-ટેન્ડરની વિગતો અત્રેની કચેરીએથી તથા http://rnb.nprocure.com તથા www.nprocure.com વેબસાઈટ પરથી જોવા મળશે.

| | | |
|---|---|---|
| ઓનલાઈન અપલોડ કરવાની અને ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ | કામ નં. ૧ થી ૨ | તા. ૨૮/૨/૨૦૧૭ સમય ૧૮.૧૦ કલાક સુધી |
| ટેન્ડર ફી, બાનાની રકમ તથા અન્ય ડોક્યુમેન્ટ રજૂ કરવાની તારીખ (આર.પી.એ.ડી.) | કામ નં. ૧ થી ૨ | તા. ૭/૩/૨૦૧૭ સમય ૧૮.૧૦ કલાક સુધી |
| ટેન્ડર ઓપનીંગ ઓનલાઈન | કામ નં. ૧ થી ૨ | તા. ૧/૩/૨૦૧૭ સમય ૧૨.૩૦ કલાક |

| | |
|---|---|
| ૧. રીમેઈનીંગ વર્ક ઓફ કન્સ્ટ્ર. એન્ડ સ્ટ્રેધનીંગ ઓફ ખોડીયાર સ્ટેશન ટુ ખોડીયાર કન્ટેનર ડેપો ફેઝ-૨ ઈન ગાંધીનગર તાલુકા | અ.ર ૨,૩૪,૪૬,૪૭૪.૦૯ |
| ૨. કન્સ્ટ્રકશન ઓફ વેરીયસ રોડ અન્ડર એમએમજીએસવાય યોજના ઈન તાલુકા ગાંધીનગર પેકેજ નં. એમએમજીએસવાય/નોર્મલ/ગાંધી/૦૬/૧૬-૧૭ | અં.ર ૨,૦૭,૫૧,૧૫૯.૪૫ |

માહિતી/૨૬૩૪/૧૬-૧૭